# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૨/૦૭/૨૦૨૧ થી તા.૧૮/૦૭/૨૦૨૧)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**ચકલાસી પો.સ્ટે. હદ વિસ્તારના મોટા રામપુરા વિસ્તારમાંથી જુગાર રમતા કુલ-૧૧ ઇસમોને ઝડપી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૧૩/૦૭/૨૦૨૧**

મે. પોલીસ અધિક્ષકશ્રી ખેડા નડીયાદનાઓએ દારૂ-જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા જીલ્લામાં પ્રોહી/જુગાર પ્રવૃતિ અટકાવવા સારૂ આપેલ સુચના મુજબ ગઇ તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ શ્રી એમ.ડી.પટેલ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એલ.સી.બી ખેડા-નડીયાદ નાઓની સુચના મુજબ એલ.સી.બી. સ્ટાફના પો.ઇન્સ.શ્રી સાથે પો.સબ.ઇન્સ ડી.બી.કુમાવત તથા અ.હેડ.કો. વિનોદકુમાર, અ.હેડકો. ધર્મપાલસિંહ, અ.હેડકો. ઋતુરાજસિંહ, વુ.અ.હેડકો. સાધનાબેન તથા અપોકો અમરાભાઇ, આ.પો.કો. કેતનકુમાર, નાઓ ઓફિસે હાજર હતા દરમ્યાનમાં અ.હેડકો.વિનોદકુમાર નાઓને મળેલ બાતમી હકીકત આધારે ચકલાસી ગામ મોટા રામપુરામાં હિરાભાઇ સબુરભાઇ વાઘેલા તથા પ્રવિણભાઇ ઉર્ફે ભુરો ઇશ્વરભાઇ વાઘેલા બન્ને રહે, ચકલાસી ગામ, મોટા રામપુરા તા:નડીયાદ જી:ખેડાનાઓ પોતાના ફળીયામાં રહેતા વિઠ્ઠલભાઇ પરસોત્તમભાઇ વાઘેલાના ઘરને ભાડે રાખી પોતાના અંગત ફાયદા સારૂ બહાર થી માણસો ભેગા કરીને પોતાના અંગત ફાયદા સારૂ પત્તા-પાના પૈસાથી હાર જીતનો જુગાર રમી રમાડી જુગારનો અખાડો ચલાવે છે. જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઇડ કરતા સ્થળ ઉપરથી કુલ ૧૧ ઇસમો (૧) પ્રવિણભાઇ ઉર્ફે ભુરો ઇશ્વરભાઇ વાઘેલા રહે,ચકલાસી ગામ, મોટા રામપુરા તા:નડીયાદ જી:ખેડા (૨) સચીનભાઇ ઉર્ફે લાલો નવલભાઇ પટેલ રહે,સુણાવ તા:પેટલાદ જી:આણંદ (૩) નિલેષભાઇ રમેશભાઇ પટેલ રહે,ચકલાસી, (૪) અસલમખાન અયુબખાન પઠાણ રહે,દાગજીપુરા, જી:આંણદ (૫) કમલેશભાઇ કનુભાઇ પરમાર રહે, બોરીયાવી તા:જી:આણંદ (૬) શૈદેશભાઇ ઉર્ફે ઇકી રતલાલ સોની રહે,નડીયાદ (૭) જયંતીભાઇ અમરસિંહ વાઘેલા રહે, ચકલાસી, રામપુરા, તા:નડીયાદ જી:ખેડા (૮) સોમાભાઇ ઉર્ફે સોમો ધનજીભાઇ ઠાકોર રહે, દાગજીપુરા બસ સ્ટેશન સામે, વચલુ ફળીયુ, તા:ઉમરેઠ જીઆણંદ (૯) નિલેષભાઇ જીતુભાઇ પટેલ રહે, હેરંજ, તા:મહુધા જી.ખેડા (૧૦) સુરેશભાઇ રાવજીભાઇ પટેલ રહે,ઉતરસંડા તા:નડીયાદ જી.ખેડા (૧૧) કિરીટભાઇ ઉર્ફે કિટલો ભુપતભાઇ વાઘેલા રહે, ચકલાસી, રામપુરા, તા:નડીયાદ જી.ખેડા નાઓને જુગાર રમતા ઝડપી પાડી પકડાયેલ તમામ આરોપીઓની અંગ જડતીના રૂ.૫૯,૦૦૦/- તથા દાવ ઉપરના રોકડા રૂ.૧૦,૮૦૦/- મળી કુલ રોકડા રૂ.૬૯,૮૦૦/- તથા પત્તા-પાના નંગ-૫૨ કીં.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૯ જેની કુલ્લે કિં.રૂ.૨૬,૫૦૦/- તથા ચાંદર કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૯૬,૩૦૦/- ના જુગારના સાધનો કબ્જે કરી તમામ ઇસમો વિરુદ્ધ ચકલાસી પો.સ્ટે. જુગારા ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજી. કરાવેલ છે. આ ગુનાની આગળની વધુ તપાસ અ.હેડકો. ધર્મપાલસિંહ ફતેસિંહ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



## ભરૂચ જીલ્લાના જંબુસર પો.સ્ટે. ના અપહરણના ગુનામાં  નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૧૫/૦૭/૨૦૨૧

ખેડા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી નાઓએ જીલ્લામાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા માટે તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને શ્રી. એમ.ડી.પટેલ પો.ઇન્સ.એલ.સી.બી ખેડા-નડીયાદ નાઓની સુચના મુજબ એલ.સી.બી. સ્ટાફના અહેડકો. ચંન્દ્રકાન્ત, આ.પોકો. કુંદનકુમાર ,અ.પો.કો. રાહુલકુમાર વિગેરે ખાનગી વાહનમાં ચકલાસી પો.સ્ટે. વિસ્તારમાં મી.વી. પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આ.પોકો. કુંદનકુમાર ,અ.પો.કો. રાહુલકુમાર નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે  ભરૂચ જીલ્લાના જંબુસર પો.સ્ટે. પાર્ટ એ-ગુ.ર.નં.૧૧૧૯૯૦૨૭૨૦૦૬૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬ અને પોસ્કો એકટ કલમ ૧૨ મુજબ ના ગુનાના નાસતા ફરતા આરોપી  વિક્રમભાઇ ઉર્ફે કાળીયો પરષોત્તમભાઇ રાઠોડ રહે. અલીન્દ્રા ગામ ખેતરમાં કેનાલ પાસે ડાકોર રોડ તા. નડીયાદ નાઓને  અલીન્દ્રા ગામેથી  પકડી સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ  મુજબ અટક કરી ઘટતી કાર્યવાહી કરવા ચકલાસી પો.સ્ટે. સોપેલ છે.

